વર્ષ ૨૦૨૫-૨૬ ની નવી બાબત - નિયામકશ્રી(મહિલા કલ્યાણ) ની કચેરીનું રિનોવેશન કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/WWM/e-file/23/2025/0087/A

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ- /૦૪/૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૧/૦૧/૨૦૨૫ તથા તા.૨૯/૦૩/૨૦૨૫ નો પત્ર ક્રમાંક- WCDWW/LEN/e-file/260/2024/0496/Local Establishment

**પ્રસ્તાવના**:

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીના વંચાણે લીધેલ પત્રથી નિયામકશ્રી(મહિલા કલ્યાણ) ની કચેરીનું રિનોવેશન કરવા માટે રૂ. ૧.૨૨ કરોડ ની નવી બાબતની દરખાસ્ત સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવા માટે રજૂ કરવામાં આવેલ હતી જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

નિયામકશ્રી(મહિલા કલ્યાણ) ની કચેરીનું રિનોવેશન કરવા માટેના કુલ પ્રોજેક્ટ એસ્ટીમેટ કોસ્ટ રૂ.૧.૨૩ કરોડ પૈકી નાણાકીય વર્ષ ૨૦૨૫- ૨૬ માટે રૂ. ૨૦.૦૦ લાખની અનાવર્તક જોગવાઇ ધરાવતી નવી બાબતને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

૧. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક: RBD/OAS/e-file/16/2022/0002/Section C તા.૧૧/૧૦/૨૦૨૩થી પ્રસિધ્ધ થયેલ સ્ટાન્ડર્ડ બીડ ડોક્યુમેન્ટનું પાલન કરવાનું રહેશે.

૨. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલીન પ્રવર્તમાનS.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

૩. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૪. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેનાLinkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

૫. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૭. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવતમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૦. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૧૨. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

૧૩. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૧૪. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૫. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

૧૬. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૭. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૮. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૧૯. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૨૦. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૧. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આઅંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | : ૧૦૬ |
| મુખ્ય સદર | : ૪૨૩૫ |
| મુખ્ય પેટા સદર | : ૦૨ |
| ગૌણ સદર | : ૧૦૩ |
| પેટા સદર | : ૦૨ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્ષમાં વિભાગના સચિવશ્રીની તા.૨૨/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતરાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. બી. કંથારીયા

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by:MUKESHKUMAR B KANTHARIA
Under Secretary (I/C)
Date: 2025.04.25 10:32:45 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધનગર.
- નિયામકશ્રી (મહિલા વિંગ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ઇ (બજેટ) શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ.